

અંકલેશ્વરમાં વીજકાપ દરમિયાન ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રાખવા જનરેટર કે અન્ય ઇંધણના ઉપયોગથી ઉદ્યોગો પર આર્થિક બોજ વધશે

# ઉદ્યોગો પર વીજ સંકટનાં વાદળો!

**આકરો કરંટ**

» DGVCL અને અંકલેશ્વર ઉદ્યોગ મંડળની બેઠકમાં વીજ પુરવઠાની સ્થિતિને પહોંચી વળવા ફીડરવાઇઝ લોડ શેરિંગનો મહત્વનો નિર્ણય

» સતત વીજ પુરવઠા પર આધારિત એકમો માટે કામગીરીનું આયોજન ખોરવાઈ જવાની અને માલ મોકલવામાં વિલંબ થવાની શક્યતા

**સાંજે** 4થી રાત્રે 11 સુધી સ્ટેગર ડેનો અમલ, ઉત્પાદન ખર્ચ વધવાની ભીતિ

અંકલેશ્વર: ઔદ્યોગિક વિકાસમાં મોખરે રહેલા અંકલેશ્વરના ઉદ્યોગો પર વીજ સંકટ ઊભું થયું છે. સાંજે 4થી રાત્રે 11 વાગ્યા સુધી ઔદ્યોગિક ફીડરો પર સ્ટેગર ડેનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. ત્યારે ઉદ્યોગો દ્વારા આવનારા દિવસોમાં ઉત્પાદન ખર્ચ વધવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

દેશભરમાં વીજળીની માંગ અને પુરવઠા વચ્ચે સંતુલન જાળવવાના પડકારો વચ્ચે હવે ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ વીજ સંકટની અસર વર્તાવા લાગી છે. એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહતોમાં સ્થાન ધરાવતા અંકલેશ્વરના ઉદ્યોગો પર પણ વીજકાપનાં વાદળો ઘેરાયાં છે. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ઔદ્યોગિક વિસ્તારોમાં ફીડરવાઈઝ સ્ટેગર ડે અમલમાં મૂકવાનો નિર્ણય લેવાતાં ઉદ્યોગજગતમાં વીજ પુરવઠાની સ્થિતિ અને ઉત્પાદન ખર્ચને લઈને ચર્ચા શરૂ થઈ છે. તા.15 ઓક્ટોબર, 2026ના રોજ દક્ષિણ ગુજરાત વીજ કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રતિનિધિઓ વચ્ચે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજાઈ હતી. વર્તમાન વીજ પરિસ્થિતિને પહોંચી વળવા માટે આ બેઠકમાં ઔદ્યોગિક વિસ્તારોના ફીડરો પર સ્ટેગર ડે લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નિર્ધારિત સમયપત્રક મુજબ સંબંધિત ઔદ્યોગિક વિસ્તારના ફીડર પર વારાફરતી સ્ટેગર ડેનો અમલ કરવામાં આવશે.



સુરેશ ગાંધી

આ વ્યવસ્થા હેઠળ સાંજે 4 વાગ્યાથી રાત્રે 11 વાગ્યા સુધીનો સમય નક્કી કરવામાં આવ્યો છે. પરિણામે ઔદ્યોગિક એકમોએ વીજ પુરવઠાના સમયને ધ્યાનમાં રાખીને ઉત્પાદન અને અન્ય કામગીરીનું આયોજન કરવું પડશે. આ બાબતે અંકલેશ્વરના ઉદ્યોગકારોના જણાવ્યા અનુસાર ફીડરવાઈઝ લોડ શેરિંગની વ્યવસ્થાને કારણે હાલ કોઈ મોટી સમસ્યા ઊભી થઈ નથી. જોકે, વીજકાપના સમય દરમિયાન ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રાખવા માટે વૈકલ્પિક ઈંધણનો ઉપયોગ કરવાની જરૂર પડે તો ખર્ચ વધી શકે છે. ખાસ કરીને સતત વીજળી પર આધારિત ઉત્પાદન પ્રક્રિયા ધરાવતા એકમો માટે વીજ પુરવઠામાં વિક્ષેપ પડકારરૂપ બની શકે છે. વૈકલ્પિક ઈંધણનો ખર્ચ, ઉત્પાદનના સમયપત્રકમાં ફેરફાર અને માલની સમયસર ડિલિવરી જેવા મુદ્દાઓ ઉદ્યોગોની કામગીરીને અસર કરી શકે છે.

### હાલમાં કોઈ ગંભીર વીજ સંકટ નથી: એન.જી.પટેલ-એસ.ઈ. ડીજીવીસીએલ

દક્ષિણ ગુજરાત વીજ કંપનીના એસ.ઇ. એન.જી.પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, હાલમાં કોઇ ગંભીર વીજ સંકટ નથી. વીજલોડ વધ્યો હોવાથી ગ્રીડની ફ્રિક્વન્સી જાળવી રાખવા માટે ઉચ્ચ કક્ષાએથી મળેલી સૂચનાઓ મુજબ તબક્કાવાર વીજકાપ લાગુ કરવામાં આવી રહ્યો છે. બ્લેક ડાયમંડ તરીકે ઓળખાતા કોલસાની અછતને કારણે આ સમયે સમગ્ર દેશમાં સંકટનાં વાદળો ઘેરાઇ રહ્યાં છે. એવું માનવામાં આવે છે કે, કોલસાની અછતને કારણે વીજળીનું સંકટ ઊભું થયું છે. જે આગામી સમયમાં વધુ ગંભીર બનશે તો વિકટ પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે.



## એકતાનગર ખાતે આજે મુખ્યમંત્રીના હસ્તે એકતા પ્રકાશ પર્વનો શુભારંભ થશે

**આજથી** ૧૫ જાન્યુઆરી-૨૦૨૭ સુધી એટલે કે સતત ત્રણ મહિના સુધી પ્રકાશ પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાશે

રાજપીપળા: એકતા નગર ખાતે સરદાર પટેલની 151મી જન્મ જયંતીના ઉજવણીના ભાગરૂપે એકતા પ્રકાશ પર્વનું આયોજન આગામી તા.17 ઓક્ટોબર-2026થી 15 જાન્યુઆરી-2027 દરમિયાન થનાર છે. જેનો શુભારંભ આજે તા.17 ઓક્ટોબર 2026ના શનિવારના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદઘાટન થકી કરવામાં આવશે. એકતા પ્રકાશ પર્વનો હેતુ આશરે 7.6 કિલોમીટરના વિસ્તારમાં થિમ આધારિત એકતા, સંસ્કૃતિ અને દેશભક્તિના ભાવને ઉજાગર કરવાનો છે તેમજ રાત્રિ સમય દરમિયાન પ્રવાસીઓ માટે નાઈટ ટુરિઝમને પ્રોત્સાહન આપવા વિવિધ થિમ આધારિત લાઈટિંગ નિહાળવાનો અનેરો મોકો મળશે.

## દ.ગુ.માં ATM તોડવા હરિયાણાથી મેવાતી ગેંગ બોલાવનારા ઝડપાયા

**સુરત** એલસીબીની કામગીરી, ખોલવડ ગામની હદમાં પણ એટીએમમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો



ઈલ્યાસ શેખ

પલસાણા: દક્ષિણ ગુજરાતમાં ATM મશીન તોડી ચોરી કરતી આંતરરાજ્ય મેવાતી ગેંગને બોલાવનાર બે મુખ્ય સૂત્રધારને સુરત ગ્રામ્ય એલ.સી.બી.એ ઝડપી પાડી એક મોટું ષડયંત્ર નિષ્ફળ બનાવ્યું છે. પોલીસે લાલસિંહ દોહારી (રહે.,બાબ્દા, બારડો લી ) અને ઈમરાન સૈયદ (ર હે .,બારડોલી) ની અટકાયત કરી છે. આ ધરપકડ સાથે કામરેજ અને તાપી જિલ્લામાં તાજેતરમાં બનેલા ATM ચોરીના પ્રયાસ તેમજ વાહન ચોરી સહિત કુલ 3 વણઉકેલાયેલા ગુનાનો ઉકેલ આવ્યો છે.

ગત 13 ઓક્ટોબર, 2026ના રોજ કામરેજ ચાર રસ્તા નજીક ખોલવડ ગામની હદમાં આવેલા SBI બેંકના ATMમાં ઈકો કારમાં આવેલા તસ્કરોએ CCTV પર સ્પ્રે છાંટી ગેસ કટરથી મશીન કાપવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, મશીનમાં આગ લાગતાં તેઓ ભાગી છૂટ્યા હતા. આ મામલે તપાસ કરી રહેલી LCB ટીમને ખાનગી બાતમી મળી હતી કે, આ ઘટના પાછળ લાલસિંહ અને ઈમરાનનો હાથ છે. પોલીસે વોચ ગોઠવીને સ્વિફ્ટ કારમાં જઈ રહેલા બંને આરોપીને પકડી પાડ્યા હતા.

તપાસ દરમિયાન કારમાંથી ગેસ કટર, કલર સ્પ્રે, 4 મોબાઈલ, રોકડા 1,160, ચોરીની ઈકો કાર અને સ્વિફ્ટ કાર મળી કુલ 5,97,300નો મુદ્દામાલ કબજે કરાયો છે. પૂછપરછમાં સામે આવ્યું છે કે, જેલમાં રહેવા દરમિયાન લાલસિંહ હરિયાણાની મેવાતી ગેંગના સંપર્કમાં આવ્યો હતો. તે ગેંગના માણસોને બોલાવી રેકી કરાવતો અને ઈમરાન તેમને આશરો તથા વાહનની સગવડ આપતો હતો. અગાઉ વર્ષ 2021 અને 2025માં પણ મુખ્ય આરોપી લાલસિંહે મેવાતી ગેંગના માણસોને બોલાવી કડોદરા, બારડોલી અને વ્યારા ખાતે ATM કાપી ચોરીઓ કરાવી હતી. આ ગુનામાં સંડોવાયેલા મેવાતી ગેંગના ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## કીમ હાઈવે ઉપર રખડતાં ઢોરોનો આતંક: બે દિવસમાં 4 અકસ્માત

**એક** મહિલા અને ત્રણ પુરુષ રખડતાં ઢોરનો ભોગ બન્યાં

**એક** યુવક હાલ હોસ્પિટલમાં કોમાની સારવાર હેઠળ

કીમ: કીમ સ્ટેટ હાઈવે-65 પર રખડતાં ઢોરની સમસ્યા વાહનચાલકો માટે જોખમરૂપ બની રહી છે. છેલ્લા બે દિવસમાં અકસ્માતની ચાર જેટલી ઘટનાઓ સામે આવતાં માર્ગ સુરક્ષાને લઈને ચિંતા વધી છે.

કીમ-ઓલપાડ રાજ્યધોરી માર્ગ કીમ ગામ થી મૂળદ પાટિયા ત્રણ રસ્તા રખડતાં ઢોરોને કારણે અકસ્માતની સંખ્યા દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. બુધવાર અને ગુરુવારે બે દિવસમાં ચાર જેટલા અકસ્માતની ઘટના સામે આવી છે. બુધવાર અને ગુરુવારે બે અલગ અલગ અકસ્માતની ઘટનામાં બે યુવકને ગંભીર રીતે ઈજા પહોંચી હતી. જે પૈકી એક કોલેજના વિદ્યાર્થીનો હાથ તૂટી ગયો હતો. ગુરુવારે કીમ સાંઈ



કિરણ ઢોડિયા

પૂંજન પાસે બાઈક અને ગાય વચ્ચે જોરદાર ટક્કર થતાં બાઈકચાલક ગંભીર ઈજાઓને કારણે બેભાન થઈ ગયો હતો. તેને તાત્કાલિક કીમની સાધના હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે એમ્બ્યુલન્સ મારફતે સુરત લઈ જવામાં આવ્યો હતો. યુવકની સુરતની હોસ્પિટલમાં કોમા હેઠળ સારવાર ચાલી રહી હોવાની માહિતી સામે આવી છે. ચાર અકસ્માતમાં બે ગાયનાં મોત થયાંની પણ સ્થાનિક સ્તરે ચર્ચા છે. રસ્તા પર પડેલી ગાયને કારણે અન્ય વાહનચાલકોને મુશ્કેલી ન પડે અને વધુ અકસ્માત ન સર્જાય તે માટે સ્થાનિક ગૌરક્ષકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

### વિવાદિત ઘનકચરો દૂર થતાં અનેક ફાયદા થશે

કીમ ગામના છેવાડે સ્ટેટ હાઇવે ૬૫ની બિલકુલ અડીને આવેલો ઘન કચરો અનેક દાયકાઓથી વિવાદિત છે. કારણે ઘન કચરાના પ્રોજેક્ટના કારણે આસપાસની સોસાયટીના રહીશો, મંદિર, આરોગ્ય કેન્દ્ર, શોપિંગ સેન્ટરના રહીશો આજે પણ પરેશાન છે. ઘન કચરા પ્રોજેક્ટ પર મોટી સંખ્યામાં રખડતાં ઢોર, ડુક્કરનો જમાવડો રહે છે. આ પ્રોજેક્ટ આસપાસ જ અકસ્માતની ઘટના બનતી હોય છે. જો પ્રોજેક્ટ અન્યત્ર ખસેડવામાં આવે તો દૂર ઘણી સમસ્યા હલ થઈ શકે છે

## સંક્ષિપ્ત સમાચાર

### મઢી સુગર ફેક્ટરીના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી 19 ઓક્ટોબરે યોજાશે

કડોદ: બારડોલી તાલુકાની સહકારી ક્ષેત્રની અગ્રણી સંસ્થા 'શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ.' (મઢી સુગર)ના પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણી અંગે તંત્ર દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. સુરત જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીના આદેશ અનુસાર બારડોલી પ્રાંતના નાયબ કલેક્ટર અને ચૂંટણી અધિકારી દ્વારા આ અંગેનું જાહેરનામું તેમજ વિગતવાર કાર્યસૂચિ જારી કરવામાં આવી છે. મંડળીની વ્યવસ્થાપક સમિતિના હોદ્દેદારોની પ્રથમ ટર્મની મુદત માટે આ ચૂંટણી યોજાઈ રહી છે. ચૂંટણી પ્રક્રિયા આવનારી 19 ઓક્ટોબર, 2026ના રોજ બપોરે 3 કલાકે મઢી સ્થિત સુગર ફેક્ટરીના બોર્ડરૂમમાં હાથ ધરવામાં આવશે. બારડોલી તાલુકા અને સમગ્ર સુરત જિલ્લાના ખેડૂતો તેમજ સહકારી આલમ માટે મઢી સુગરની આ ચૂંટણી ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તંત્ર દ્વારા જાહેર કરાયેલી સૂચના મુજબ નિયત સમયે મંડળીના સંચાલક મંડળના સભ્યોની હાજરીમાં પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી માટેની વૈધાનિક પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ ચૂંટણીની જાહેરાત સાથે જ સ્થાનિક સહકારી રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

### મહુવાના કરચેલીયાના વેપારીના ખાતામાંથી બારોબાર રૂપિયા ગાયબ

અનાવલ: મહુવાના કરચેલીયા ગામે હટવાડા ફળિયામાં રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતા ૬૫ વર્ષીય વેપારી ભૂપેન્દ્રકુમાર કેશવલાલ ભાવસારનું બારડોલી સ્થિત HDFC બેંકમાં સેવિંગ્સ એકાઉન્ટ આવેલું છે. ગત તા.૧૧/૮/૨૦૨૬થી તા.૧૩/૮/૨૦૨૬ દરમિયાન તેમના બેંક ખાતામાંથી અજાણ્યા યુપીઆઈ આઈડી દ્વારા રૂ.૯૦,૦૦૦, રૂ.૯૦,૦૦૦ અને રૂ.૮૦,૦૦૦ એમ કુલ મળી રૂ.૨,૬૦,૦૦૦ની રકમ બારોબાર ઉપાડી લેવામાં આવી હતી. ૧૩ ઓગસ્ટના રોજ મોબાઈલ પર મેસેજ આવતા તેઓ બેંક પહોંચ્યા હતા, જ્યાં કર્મચારીઓએ ખાતામાંથી નાણાં ઉપડી ગયા હોવાની અને ફ્રોડ થયો હોવાની જાણ કરતા એકાઉન્ટ ફ્રીઝ કર્યું હતું. બનાવ અંગે વેપારીએ સૌપ્રથમ ૧૪ ઓગસ્ટના રોજ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ઓનલાઈન રજૂઆત કરી હતી. જોકે, ફ્રોડ થયેલા નાણાં પરત ન મળતાં આખરે તેમણે મહુવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. મહુવા પોલીસે અજાણ્યા ગુનેગાર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### વાલોડ તાલુકામાં વિકાસ કામોનું લોકાર્પણ



વાલોડ: વાલોડ તાલુકામાં વિવિધ વિકાસલક્ષી કામોનો સ્થળ ઉપર પૂજા વિધિ તથા લોકાર્પણનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે તાપી જિલ્લા પંચાયત પ્રમુખ ચંચળબેન ડી. ચૌધરીની ઉપસ્થિતિમાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિ કલ્યાણ સમિતિના ચેરમેન મોહનભાઈ ઢોડિયાના હસ્તે અંદાજિત રૂ.13 કરોડનાં 22 વિકાસ કામોનું લોકાર્પણ કરાયું હતું. જેમાં રૂ.1.28 કરોડના ખર્ચે ડુમખલ ટુ કુંભિયા વિલેજ રોડ, રૂ.1.13 કરોડના ખર્ચે ભીમપોર ડુંગરી ફળિયા ટુ હથુકા મેઈન રોડ અને રૂ.1.10 કરોડના ખર્ચે વાલોડ કોસંબીયા કુંભિયા મોરદેવી સી.સી. રોડ જેવા મુખ્ય રસ્તાના મોટા કામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અંધાત્રી ખાતે રૂ.60 લાખના ખર્ચે સાંસ્કૃતિક ભવન અને કુંભિયા ખાતે રૂ.50 લાખના ખર્ચે લાઈબ્રેરી જેવા મહત્ત્વના સુવિધાપથ કામો પણ મંજૂર કરી ગ્રામજનોને અર્પણ કરાયા હતા.

### બિરલા કોપર દહેજ દ્વારા વાગરામાં નિક્ષય મિત્ર પ્રોજેક્ટ શરૂ કરાયો



ભરૂચ: આદિત્ય બિરલા ગ્રુપની ફ્લેગશિપ મેટલ્સ કંપની હિન્ડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડનાં બિરલા કોપર દહેજ દ્વારા ભારત સરકારના પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ "નિક્ષય મિત્ર પ્રોજેક્ટ" ગુરુવારે વાગરા તાલુકામાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પહેલ દ્વારા બિરલા કોપર દહેજ સમાજ આરોગ્ય સશક્તિકરણ અને ટીબી મુક્ત ભારતના રાષ્ટ્રીય સંકલ્પને વધુ મજબૂત બનાવવા કટીબદ્ધ થયું છે. લોન્ચ કાર્યક્રમમાં 40 લાભાર્થીને પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આ પ્રસંગે બિરલા કોપર દહેજનાં યુનિટ હેડ કે. કુમારવેલ, જિલ્લા ક્ષયરોગ અધિકારી પૂનમબેન તંબા, તાલુકા આરોગ્ય અધિકારી પ્રવીણસિંહ, પખાજણની SCR ટીમના પ્રતિનિધિઓ, અમલીકરણ સંસ્થા સાથે ગ્રામીણ ટ્રસ્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉમરપાડામાં ખેરનાં લાકડાંની હેરાફેરી કરતો ટેમ્પો ઝડપાયો



**રૂ.૩.૯૦** લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો



વિનોદ મેસુરીયા

વાંકલ: ઉમરપાડા બીટના કમ્પાર્ટમેન્ટ નં.૭૪માં ખેરનાં બે ઝાડનું ગેરકાયદે કટિંગ કરી લાકડાની હેરાફેરી કરવાના પ્રકરણમાં વન વિભાગે મોટી કાર્યવાહી કરી છે. વન વિભાગે ટાટા ૪૦૭ ટેમ્પો નં.(GJ-07-Z-5425) સહિત ગેરકાયદે કાપેલાં ખેરનાં લાકડાં અને વાહન ઝડપી પાડી આઠ આરોપી સામે કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસમાં વન વિભાગ દ્વારા RTO રેકોર્ડ અને મોબાઈલની CDR (કૉલ ડિટેઈલ રેકોર્ડ)ના આધારે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી, જેમાં પૂછપરછ દરમિયાન ગણપતભાઈ જાતરીયાભાઈ વસાવા મુખ્ય આરોપી તરીકે સામે આવ્યા હતા. આ સમગ્ર કાર્યવાહી અંતર્ગત વન વિભાગ દ્વારા ઝડપાયેલાં ખેરનાં લાકડાં તથા ટેમ્પોની કિંમત સહિત કુલ રૂ.૩.૯૦લાખનો દંડ તમામ આઠ આરોપીઓ પાસેથી વસૂલ કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવ્યો છે. આ પ્રકરણમાં સંડોવાયેલા આઠ આરોપીમાં (૧) બિપિનભાઈ ચતુરભાઈ ચૌધરી (વેન્જાલી), (૨) સુરેશભાઈ સોનજીભાઈ વસાવા (ટાવલ), (૩) ગિરીશભાઈ રેશમાભાઈ ગામીત (પાંચઆંબા), (૪) વસંતભાઈ માનસિંગભાઈ ગામિત (પાંચઆંબા), (૫) અશોકભાઈ મૂળજીભાઈ વસાવા (પાંચઆંબા), (૬) ગણપતભાઈ જાતરીયાભાઈ વસાવા (ગુંદલાઆંબા, જિ. નર્મદા-મુખ્ય આરોપી), (૭) સુરેન્દ્રભાઈ જેસુભાઈ ગામિત (પાંચ આંબા) અને (૮) અજયભાઈ કાલીદાસભાઈ ગામીત (પાંચઆંબા)નાં નામ સામે આવ્યાં છે. આ સફળ કામગીરી સુરત વન વિભાગના અધિકારી અને ઉમરપાડા રેન્જ ફોરેસ્ટ ઓફિસર કમલેશ ચૌધરીના નેતૃત્વ હેઠળ વન વિભાગની ટીમે પાર પાડી હતી.

## મઢી સુગરમાં 9 લાખ મેટ્રિક ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક

**સુગરની** બોઈલર પ્રદીપ્ત વિધિ યોજાઈ



બારડોલી: શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યો ગ સહકારી મંડળી લિ., મઢી ખાતે આગામી શેરડી પિલાણ સીઝન ૨૦૨૬-૨૦૨૭ માટે શુ ક્રવાર, તા.૧૬-૧૦-૨૦૨૬ના રોજ બોઈલર પ્રદીપ્ત વિધિ સંપન્ન થઈ હતી. સંસ્થાના મેનેજિંગ ડાયરેક્ટર અવિનાશ ડી. ઢેકાણે અને તેમનાં પત્નીના હસ્તે વિધિવત્ પૂજા અર્ચના કરીને આ નવી સિઝનનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ શુભ પ્રસંગે સંસ્થાના સમીર ભક્ત, અલ્પેશ પટેલ સ હિતના ડિરેક્ટર્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે બો ર્ડ ઓફ ડિરેક્ટર્સના અન્ય સભ્યો, શેરડી વાહતુક સમિતિના સદસ્યો, અધિકારીઓ અને કામદાર-કર્મચારીઓએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. પૂજાવિધિ પૂર્ણ થયા બાદ બોઈલર પ્રજ્જવલિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ડાયરેક્ટર અવિનાશ ડી. ઢેકાણેએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ચાલુ સિઝન માટે મિલ દ્વારા ૯ લાખ મેટ્રિક ટન શેરડી પિલાણ નો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. સંસ્થાએ ગત વ ર્ષે પણ ગુણવત્તાસભર પરિણામો મેળવ્યાં હતાં અને હવે આવનાર નવી પિલાણ સિઝનમાં પણ સૌના સહયોગથી આ કાર્ય નિર્વિઘ્ને અને શાંતિપૂર્વક પૂર્ણ કરવાની અપેક્ષા વ્યક્ત કરી સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

### અરેઠ ગામે હાટ બજારના હિસાબ મુદ્દે ઉપવાસનો ત્રીજો દિવસ

માંડવી: અરેઠ ગામે ભરાતા હાટ બજારની અંદાજિત રૂ.૧૩ લાખની વાર્ષિક આવકમાં પારદર્શકતા લાવવાની માંગ સાથે, માંડવી તા.પં.ના માજી ન્યાય સમિતિ અધ્યક્ષ નીરવભાઈ સોલંકી દ્વારા શરૂ કરાયેલ આમરણાંત ઉપવાસ ત્રીજા દિવસે પહોંચ્યા હતા. તબિયત લથડવા અને જીવન-મરણનો સવાલ હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા હજુ સુધી તેમની કોઈ મુલાકાત લેવામાં આવી નથી. આમરણાંત ઉપવાસ પર બેઠેલા નીરવભાઈ સોલંકીએ ખાનગી ઉઘરાણાં તાત્કાલિક બંધ કરીને પંચાયત દ્વારા વહીવટ સંભાળવામાં આવે તેવી માંગ સાથે અત્યાર તટસ્થ ઓડિટ કરી હિસાબ જનતા સમક્ષ જાહેર કરવો જોઈએ.

## માંગરોળમાં કોલસો ભરેલી ટ્રકો જોખમી બની

**ગ્રામજનોએ** મામલતદારને આવેદન સુપરત કર્યું

વાંકલ: માંગરોળના ભાગા-મોરઆમલી વિસ્તારમાં આવેલી જી.આઈ.પી.સી.એલ. કંપનીની કોલસાની ખાણોમાંથી અનધિકૃત અને બેફામ રીતે દોડતી કોલસા ભરેલી ટ્રકો સામે સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે માંગરોળ મામલતદારને આવેદન પાઠવી કડક કાર્યવાહીની માંગ કરાઈ છે. આવેદનપત્રમાં જણાવ્યાનુસાર મોરઆમલી, ભીલવાડા, ટીમ્બરવા, હરસણી, વડસોલ, માંગરોળ અને મોસાલી જેવાં ગામોમાંથી રોજિંદા આ ટ્રકો પૂરઝડપે પસાર થાય છે. આ માર્ગ પરથી શાળાએ જતા બાળકો, પશુઓ સાથે જતા ખેડૂતો અને રાહદારીઓ ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. તાજેતરમાં જ તા.૧૬/૧૦/૨૦૨૬ના રોજ સવારે શાળાએ અભ્યાસ અર્થે જઈ રહેલા હરસણી ગામનાં બાળકો હિમાંશુ, પ્રતીક અને પ્રજ્ઞેશને કોલસા ભરેલી ટ્રકે અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાળકોને હાથ, પગ તથા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી છે અને હાલ તેઓ સારવાર હેઠળ છે. ભૂતકાળમાં પણ વડસોલ ગામના ગંભીરભાઈ વસાવા નામના ગરીબ આદિવાસીનું આવી ટ્રકની ટક્કરે મૃત્યુ થયું હતું. સ્થાનિકોએ મામલતદાર, સુરત કલેક્ટ ર, પોલીસ તંત્ર અને રા જ્યના મુખ્યમંત્રીને પણ આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા અપીલ કરી છે. જો તાત્કાલિક ટ્રકોની ગેરકાયદે અને જોખમી અવરજવર બંધ કરવામાં નહીં આવે તો સમગ્ર વિસ્તારના ગ્રામજનોએ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે.